

શો- બાજ

# લોકો મને કહેતા, ‘તું હીરોઈન જેવી દેખાતી નથી’ : કુબ્રા સૈત

**તમે આ કલાકારને ઘણીબધી વાર જોઈ હશે પણ સેક્રેડ ગેમ્સની કૂકૂ તરીકે જ તમે જાણતા હશો. આ મજેદાર સિરીઝ તેનું જીવન તો બદલ્યું પણ તેની પહેલા એ કુબ્રા એ ઘણી સ્ટ્રગલ કરેલી અને હજી તે વર્ક ઈન પ્રોગ્રેસ જ છે.. આ અઠવાડિયે સ્ક્રીન પર જુઓ તે પહેલા જાણીયે કુબ્રાનું જીવન અને વિચારો...**

**લોકો હજુ પણ તને સેક્રેડ ગેમ્સની કુકુ તરીકે યાદ કરે છે. તને આ ઓળખથી કેવું લાગે છે?**

હું પ્રમાણિક રીતે કહુ તો કુકુનું કેરેક્ટર મારા માટે લાઈફ બદલી નાખનારી મોમેન્ટ હતી. તે માત્ર એક પાત્ર નહોતું, તે એક જવાબદારી હતી. અચાનક, દુનિયાએ મને અલગ રીતે જોઈ. પણ અત્યરે લાગે છે કે હું ફક્ત તેમાં બંધાઈ જવા માંગતી નથી. મેં ફિલ્મો, શો અને હોસ્ટિંગ પણ કર્યું છે જે ખૂબ જ અલગ છે. કુકુ એક દરવાજા ખોલનાર હતી, પરંતુ હું હજી પણ ઘણા બધા રૂમમાં જવાનું બાકી છે.

**તો અત્યાર સુધીની આ જર્નીને કઈ રીતે જુઓ છો?**

હું આ લાઈફને એક બુકના ચેપટરની જેમ જોઉં છું. હોસ્ટિંગે મને આત્મવિશ્વાસ આપ્યો, સ્ટેજ પર મારો ડર ભગવ્યો. અભિનયથી મને મારી નબળાઈ મળી - તે તમને તમારા લેયર ઉતારવા અને જેવા છો તેવા જ દેખાવા મજબૂર કરે છે. અને પ્રામાણિકપણે, મારી નિષ્ફળતાઓએ મને મોટા રોલ જેટલો જ પાઠ શીખવ્યો. એટલે કે કંઈ લાઈનમાં નથી હોતું; બધું ઝિગ-ઝેગ હતું, અને તે જ તેની મજા છે.

**તમે ડિપ્રેશન, ઇનસિક્યોરિટી અને બોડી શેમિંગ વિશે ખુલ્લેઆમ વાત કરો છો, શું કામ?**

કારણ કે હું હવે ચેહરા પર માસ્ક પહેરવા માંગતી નથી. આપણે એવી દુનિયામાં રહીએ છીએ જ્યાં દરેકનો ખોરાક ફિલ્ટર કરેલો, ચમકતો હોય છે. પરંતુ રિયલ લાઈફમાં ડાર્ક સર્કલ, હાર્ટ બ્રેક, ડાઉટ, આ બધું જ હોય છે. એટલે તેના વિશે વાત કરવી શરૂઆતમાં અસહજ હતી, પરંતુ તેણે મને શક્તિ આપી. તેણે મને એવા લોકો સાથે પણ જોડી જેણે જવાબમાં લખ્યું, ‘થેંક્યુ, મને લાગ્યું હું એકલો જ છું.’

**તમે લાઈફને ઓપન બુક કહી છે. તો તમારી સ્ટોરીમાં સૌથી ડરામણો પાર્ટ કયો છે?**

સૌથી ભયાનક ભાગ હતો... મિસબિહેવ વિશે લખવું, મેં કરેલા નિર્ણયો વિશે, એવી ક્ષણો વિશે જે મને ગર્વ ન હતો - પણ તે હકીકત હતી અને તેનો કંઈક તો અર્થ હતો. પણ શું? એકવાર તમે તે લખો છો, એટલે તમે તેના માટે જવાબદાર છો. અને જ્યારે તમે તમારી વાર્તાના માલિક છો, ત્યારે બીજું કોઈ તેને તમારી સામે હથિયાર બનાવી શકતું નથી.

**સોશિયલ મીડિયા પ્લેટફોર્મને એક એક્ટર તરીકે કેવી રીતે જુઓ છો?**

હું તેને વાસ્તવિક રાખવાનો પ્રયાસ કરું છું. હા, હું ગ્લેમરસ ફોટો પોસ્ટ કરીશ, પણ હું મારા છોડ, મારા બેડ હેર ડે અથવા મારા રેન્ડમ થૉટ વિશે પણ પોસ્ટ કરીશ. હું નથી ઈચ્છતી કે લોકો મને કોઈ સિક્રેટ સ્ટાર તરીકે જુએ. હું ઈચ્છું છું કે તેઓ જાણે કે હું હ્યુમન છું, ઈમ્પર્ફેક્ટ છું, ક્યારેક ડાઉટ્સમાં છું - પણ ખૂશ ખૂશ પણ છું.

**એવો પ્રોજેક્ટ જેના માટે તમે હજુ પણ ઉત્સાહી છો?**

ઓહ, ઘણા બધા! પણ હું ફરીથી કંઈક કોમેડી કરવા માંગુ છું. લોકો મને સેક્રેડ ગેમ્સને કારણે એક્સ્ટ્રીમ માને છે, પણ મને હ્યુમર ગમે છે. એક એબ્સર્ડ ઈન્ડી કોમેડી એવું કંઈક.

**ઇન્ડસ્ટ્રી ક્રૂર છે, ખાસ કરીને આઉટસાઇડર્સ માટે. શું તે પણ આ ફેસ કર્યું છે?**

ઓહ, અસંખ્ય વાર! મેં ઓડિશનમાં જઈને જોયું છે જ્યાં તેઓએ તેમના ફોનમાંથી ઉપર જોયું પણ નથી. અથવા જ્યારે લોકોએ મને કહ્યું, ‘તું હીરોઈન જેવી દેખાતી નથી.’ તે મારા માટે દુઃખદ હતું, પરંતુ મેં મારી જાતને કહ્યુંઃ કદાચ હું તે હીરોઈન નથી જેની તેઓ ઈમેજીન કરી રહ્યા છે.

**આ ફેમ વચ્ચે તમને કોણ જમીન પર રાખે છે?**

મારી બિલાડી. (હસે છે) ના, પણ સિરિયસલી - તે મારુ પરિવાર, ફ્રેન્ડ્સ અને મારા નાના નાના કામ જેમ કે રસોઈ બનાવવી, છોડને પાણી આપવું, જર્નલિંગ કરવું - આ વસ્તુઓ મને યાદ અપાવે છે કે હું ફક્ત જીવન જીવતી વ્યક્તિ છું. સ્ટારડમ એ ખુબ ક્ષણિક છે, પરંતુ ગ્રાઉન્ડિંગ રહેવું એ કાયમી છે.

**જો તમે કુબ્રાને હમણાં એક વાક્યમાંકહેવી હોય તો તે શું હશે?**

એક વર્ક ઈન પ્રોગ્રેસ સ્ટાર જે અત્યારે જેવી છે તેમાં ખૂબ ખુશ છે. ●

# ‘સારાભાઈ v/s સારાઘભાઈ’ના ઈંદ્રવદને ‘રોશેશ’ને કેમ રડાવ્યો?

‘સારાભાઈ વર્સેસ સારાભાઈ’ તો 2000નો સૌથી મજાનો સિટકોમ શો, આજે પણ એટલો જ જોવો ગમે. રત્ના પાઠક, રૂપાલી ગાંગુલી, સુમીત રાઘવન, સતીશ શાહ, અને રાજેશ કુમાર - આ બધાની ટીમે શોને એટલો હિટ કર્યો કે આજે પણ લોકો એના દિવાના છે! રાજેશ કુમાર, જેણે રોશેશ સારાભાઈને જીવંત કર્યો, એણે હમણાં સેટની કેટલીક મજેદાર વાતો શેર કરી હતી.

રાજેશ જણાવે છે કે, રોશેશ ચાલ્યો એનું કારણ એના ડાયલોગ કે એટિટ્યૂડ નહીં પણ રત્ના અને સતીશનાં રિએક્શન હતા. આજે પણ તેઓ જ્યારે સાથે હોય છે ત્યારે એ રીતે જ ટ્રીટ કરે છે જાણે તે રોશેશ છે. પણ આ બધામાં તેનાં કો-એક્ટર્સ એને બહુ ચીડવતા, ‘રિએક્શન આપતા નથી આવડતું!’ એમ કહીને રેગિંગ કરતાં. આનું કારણ કદાચ તે પહેલી વાર કોમેડી શો કરી રહ્યો હતો. અને તેમાં પણ સતીશ, રત્ના જેવા દિગ્ગજો સામે એક્ટિંગ કરતા. એ તેના માટે મોટી વાત હતી. આના કારણે રોશેશનાં લગ્ન થઈ ગયાં હોવા છતાં સેટ પર ઘરનાં સૌથી નાના છોકરા જેવું ફિલ થતું, અને એટલે જ એ ક્યારેય પોતાની વાઈફને સેટ પર નથી લાવ્યો! કારણ કે તેને ડર લાગતો કે પોતાને આવી રીતે રેગ થતા જોશે તો પત્ની શું વિચારશે!

ગપશપ-

એક દિવસની વાત યાદ કરતાં રાજેશ જણાવે છે કે,“એક સીનમાં ઈન્સોમ્નિયા વિશે 1.5 પેજનો ડાયલોગ હતો. આટલો લાંબો ડાયલોગ અને પ્રેશરના લીધે હું લાઈન્સ ભૂલી જ જતો હતો. 8 ટેક થયા પછી સતીશજી ગુસ્સે થઈ બોલ્યા, ‘જ્યારે એને ડાયલોગ યાદ થાય ત્યારે મને બોલાવજે!’ એમના બોલવાની રીતથી મારી આંખોમાં આંસુ આવી ગયાં. ખબર નહીં એ ગુસ્સો હતો, ઈન્સલ્ટ હતું કે રેગિંગ. હું ડિરેક્ટર પાસે ગયો અને થોડો ટાઈમ માગ્યો. આજે પણ સતીશને યાદ કરાવું તો એ માને જ નહીં કે મેં તને રડાવ્યો!” અત્યારે તો રાજેશ કુમાર 50 વર્ષનો થઈ ગયો છે તો પણ તેમનાં કો-સ્ટાર હજી પણ તેમને અને અન્ય કો-સ્ટારને શોના નામથી જ બોલાવે છે. હવે તેઓ સારા મિત્રો છે અને હંમેશા એકબીજાને કરિયર બાબતે સપોર્ટિવ રહે છે. પણ જે શો આવું હસાવતો તેના બેક સ્ટેજમાં કલાકારો રડતા, એ વાત કોને ખબર હતી. ●



**8 ટેક થયા પછી સતીશજી ગુસ્સે થઈ ગયા, બોલ્યા, ‘જ્યારે એને ડાયલોગ યાદ થાય ત્યારે મને બોલાવજે!’ એમના બોલવાની રીતથી મારી આંખોમાં આંસુ આવી ગયાં. ખબર નહીં એ ગુસ્સો હતો, ઇન્સલ્ટ હતું કે રેગિંગ!**

‘The Ba***ds of Bollywood’થી

# આર્યન પોતાને કિંગનો દીકરો સાબિત કરશે?




પ્રિવ્યૂ

**શાહરુખો દીકરો છે એટલે સલમાન ખાન, રણવીર સિંહ, કરણ જોહર જેવા બિગ સ્ટાર્સના કેમિયો પણ જોવા મળે જ ને! બોલિવુડના સ્ટાર્સ, ઇન્ડસ્ટ્રીના સિક્રેટ્સ અને કેટલીક રિયલ-લાઇફ ઇન્સ્પાયર્ડ સ્ટોરીઝ - બધું મિક્સ થઈને એક પરફેક્ટ એક્શન, રોમાંસ અને થ્રિલરનું કોકટેલ આ સિરીઝમાં જોવા મળી શકે છે**

બોલિવૂડના બાદશાહ ગણાતા શાહરૂખ ખાનનો દીકરો આર્યન ખાન ‘બાસ્ટર્ડ્સ ઓફ બોલિવુડ’થી વેબસિરીઝ ડિરેક્શનમાં ડેબ્યુ કરી રહ્યો છે. આ ‘સ્ટારકિડ’ની સિરીઝ બોલિવૂડનાં ડાર્ક સાઈડને સટાયર રીતે બતાવશે અને તેનું ટ્રેલર ધમાલ મચાવી રહ્યું છે! ‘બાસ્ટર્ડ્સ ઓફ બોલિવુડ’ વેબસિરીઝનું ટ્રેલર ગજબનું બનાવ્યું છે કે જો કોઈ તેને રેન્ડમલી જુએ, તો એ નહીં કહી શકે કે આ કોઈની પહેલી સિરીઝ છે! શોટ્સ, સેટ્સ, કાસ્ટિંગ, બેકગ્રાઉન્ડ મ્યુઝિક - બધું એકદમ સરસ રીતે પરફેક્ટલી મિક્સ થયેલું છે. આ સિરીઝનો ટોન અને સેલ્ફ-અવેરનેસ ગજબનો છે. લક્ષ્ય આસમાન સિંઘનાં રોલમાં સારો લાગે છે. કલ્પના ગાર્ગનો રોલ તેના માટે એકદમ નવું ચેલેન્જ છે. આ ઉપરાંત બોબી દેઓલ અને સ્લો-મોશન રાઘવની ટાઈમિંગ જોવાલાયક બનવાની છે. તો શાહરુખો દીકરો છે એટલે સલમાન ખાન, રણવીર સિંહ, કરણ જોહર જેવા બિગ સ્ટાર્સના કેમિયો પણ જોવા મળે જ ને! બોલિવુડના સ્ટાર્સ, ઈન્ડસ્ટ્રીના સિક્રેટ્સ અને કેટલીક રિયલ-લાઈફ ઈન્સ્પાયર્ડ સ્ટોરીઝ - બધું મિક્સ થઈને એક પરફેક્ટ એક્શન, રોમાંસ અને થ્રિલરનું કોકટેલ આ સિરીઝમાં જોવા મળી શકે છે. આવી જ સરખા સબજેક્ટ પર 2009માં ઝોયા અખ્તરે ‘લક બાય ચાન્સ’ મૂવી બનાવી ડેબ્યુ કર્યુ હતું, જેમાં ભાઈ ફરહાન અખ્તર મુખ્ય રોલમાં હતો. તેમાં પણ સ્ટાર્સના કેમિયોની ભરમાર હતી. આર્યનની આ સિરીઝ તેની કોપી તો નહી, પણ આસપાસ કહી શકાય તેવી તો છે.

આ સીરીઝના લાસ્ટ સીનમાં લક્ષ્યનું કેરેક્ટર જેલમાં જાય છે, ત્યારે એક પોલીસવાળો તેને કહે છે, ‘ચિંતા ન કર, અંદર (જેલમાં) જવાથી લોકો વધુ ફેમસ થઈ જાય છે!’ જે આર્યન ખાનના 2021ની એરેસ્ટ વાળી ઘટના પર એકદમ મેટા જોક હતો. 2021માં જ્યારે N.C.B.એ ડ્રગ્સના કેસમાં તેને ક્રૂઝ પરથી પકડ્યો હતો અને તેને 22 દિવસ સુધી આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યો હતો. આ સીનમાં તેણે પોતાની જ વાત પર મજાક કરી! આ તો ખુદ પર હસવાની હિંમત છે. બોલિવુડના બેકસ્ટેજ ગોસિપ, ડ્રામા અને સ્ટાર બનવાની સ્ટોરીનું ફુલ-ઓન સટાયર છે. બોલિવૂડની રીયાલિટી પર સટાયરમાં બનેલી આ વેબસીરીઝ 18 સપ્ટેમ્બરે નેટફ્લિક્સ પર આવી રહી છે. ●

# આશિષ પર જેલ પછી બેલના આશિષ



આશિષ કપૂર ને ‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ અને ‘શશશ...કોઈ હૈ’ જેવા શોમાં જોયો હશે, તે થોડા સમયથી હેડલાઈન્સમાં છે એ પણ ખૂબ મોટા આરોપમાં. પૂણેમાં રેપના આરોપમાં પોલીસે એને પકડી લીધો હતો. જોકે થોડી ઘણી પૂછતાછ તેને રેપનાં આરોપમાં બેલ પણ મળી ગઈ છે!

વાત એમ છે કે આશિષ પર એક 31 વર્ષની મહિલાએ ગંભીર આરોપ લગાવ્યો. એ મહિલા પણ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. એનું કહેવું છે કે આશિષે એની સાથે મિસબિહેવ કર્યો. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, કહ્યું કે આશિષે એની સાથે તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા. આ ફરિયાદ બાદ પોલીસે તરત જ એક્ટિવ થઈ એક્શન લીધી, આશિષને પકડવા માટે પોલીસને બહુ મહેનત કરવી પડી. એ લોકોને ખબર પડી કે આશિષ પૂણેમાં નથી, એ તો દિલ્હી ભાગી ગયો હતો. પોલીસે એનો પીછો શરૂ કર્યો. દિલ્હીથી એ ગોવા પહોંચી ગયો, અને પોલીસે એને ગોવામાં જઈને પકડી લીધો.

રિયલ-સિરીયલ

પણ આશિષના વકીલે બચાવમાં જણાવ્યું હતું કે પેલી યુવતીએ નશો કર્યો હતો અને કેસ ફાઈલ કરતી વખતે તેણે ગેંગરેપ થયાનું જણાવ્યું હતું. પરંતુ પછી કેસ ખેંચી ફક્ત આશિષને ટાર્ગેટ કર્યો હતો, જેનું કારણ તેની પાસે પૈસા પડાવવાનું હતું.

કેસમાં જોઈતાં પ્રૂફ હજી મળ્યાં નથી, તપાસ ચાલુ છે, પણ તેનું બેકગ્રાઉન્ડ સાફ દેખાતાં અને ફક્ત એક્યુઝીશન પ્રમાણે જેલમાં રાખી ન શકાતા આશિષને બેલ મળી ગઈ છે. આશિષે હજી સુધી આ વિશે જાહેરમાં કોઈ નિવેદન નથી આપ્યું, પણ એના ફેન્સ અને ઈન્ડસ્ટ્રીના લોકો ચોંકી ગયા છે. ●